नामांक Roll No.

Question Booklet No.

No. of Questions – 20

No. of Printed Pages – 7

**S-73-Gujarati (T.L.)**

# माध्यमिक परीक्षा, 2026

# SECONDARY EXAMINATION, 2026

## ગુજરાતી

## गुजराती

## GUJARATI

## (THIRD LANGUAGE)

**समय : 3 घण्टे 15 मिनट**

**पूर्णांक : 80**

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આન્તરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

## વિભાગ-અ (A)

**1.** નીચેના પ્રશ્નોના સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો.

1) ગવરીબાઈએ ભગવાનનું મંદિર ક્યાં બનાવ્યું હતું ? **[1]**
A) અમરાપુર B) ગિરિપુર
C) જયપુર D) જોધપુર

2) કવિ અખાના મતે જ્ઞાની ગુરુ શું દેખાડે છે? **[1]**
A) ધન દેખાડે B) સંસાર દેખાડે
C) હરિ દેખાડે D) સ્વર્ગ દેખાડે

3) કવિ ફૂલોની સાથે શું કરવા ઈચ્છે છે ? **[1]**
A) ફરવા B) વાતો કરવા
C) હસવા D) રમવા

4) ટ્રેન ક્યારે ચાલી નીકળી છે ? **[1]**
A) રાત થઈને B) સાંજ ઢળીને
C) સવારે D) બપોરે

5) કવયિત્રીના મતાનુસાર કોને કડક શિક્ષકની જરૂર છે ? **[1]**
A) સૂર્યને B) દરિયાને
C) આકાશને D) પૃથ્વીને

6) દીકરાના વિચારાનુસાર ઈશ્વર-ખુદા ક્યાં વસેલો છે ? **[1]**
A) મંદિરમાં B) મસ્જિદમાં
C) જગતના કણેકણમાં D) આકાશમાં

7) ડૉ. કિરણ બેદીના પિતાજી કઈ રમતના ખેલાડી હતાં ? **[1]**
A) બેડમિન્ટન B) ક્રિકેટ
C) ટેનિસ D) ખો-ખો

8) સૂર્ય ઘઉં-ચણાના મોલ ઉપર શું છાંટવા લાગ્યો ? **[1]**
A) પાણી B) સોનું
C) ધૂળ D) ચાંદી

9) લેખકને શાનો કેફ ચડતો હતો ? [1]

A) ચા-નો
B) કોફી નો
C) પાણી નો
D) માટીની ગંધનો

10) ડૉ. મહેતાનું ઘર કોણ શોધી રહ્યો હતો ? [1]

A) રીક્ષાવાળો
B) ટ્રકવાળો
C) સાઈકલવાળો
D) બસવાળો

11) 'વેલી ઑફ ફ્લાવર્સ' ને ભારત સરકારે રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે ક્યારે જાહેર કર્યો ? [1]

A) ૧૯૮૬
B) ૧૯૯૫
C) ૧૯૭૭
D) ૧૯૮૨

12) પાટણના રાજા કોણ હતાં ? [1]

A) જગડુશા
B) જોષી
C) વિશળ દેવ
D) સૂર્યદેવ

13) ફુકુઓકા શહેરમાં રસ્તો પહોળો કરવા શેનાં વૃક્ષો કાપવાં પડે તેમ હતાં ? [1]

A) નારંગી નાં
B) ચેરી નાં
C) કેરી નાં
D) બોર નાં

14) નીચેનામાંથી 'કુસુમ' નો સમાનાર્થી શબ્દ કયો છે ? [1]

A) સુમન
B) કમળ
C) સાગર
D) બાગ

15) 'આશા' નો વિરોધી શબ્દ જણાવો. [1]

A) દુઃખ
B) નિરાશા
C) પ્રકાશ
D) કોમળ

16) 'નીશાળ' શબ્દની સાચી જોડણી કઈ છે ? [1]

A) નીષાળ
B) નિસાળ
C) નિશાળ
D) ની:સાળ

17) "કતાર સાવ ધીમી ગતિએ આગળ વધતી " વાક્યમાં નીચેનામાંથી કયું વિશેષણ છે ? **[1]**

A) સાવ, ધીમી B) ગતિએ

C) આગળ D) કતાર

18) 'સુખદુ:ખ' શબ્દમાં કયો સમાસ આવેલો છે ? **[1]**

A) તત્પુરૂષ સમાસ B) દ્વિગુ સમાસ

C) દ્વન્દ્વ સમાસ D) બહુવ્રિહી સમાસ

**2.** નીચે આપેલાં પ્રશ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો.

1) ________ વિના ભક્તિ નવ થાય. **[1]**

2) શબ્દે શબ્દે જેમ વસ્યો છે _______ સહવાસ. **[1]**

3) અકબરે બિરબલને _______ની મહેતલ આપી. **[1]**

4) પછી તો _______વૃક્ષો ખીલ્યાં. **[1]**

5) _______વાક્યની મધ્યમા આવતું વિરામચિહ્ન છે. **[1]**

6) 'સજ્જન' શબ્દનો વિરોધી શબ્દ _____ થાય. **[1]**

**3.** નીચેના અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈ પણ તાકાત તેને અટકાવી શકે નહિ. ત્રીજું કર્તવ્ય સેવાભાવનું છે. સેવા જ્ઞાન નથી, મહાભારતના યક્ષપર્વમાં વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.' તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ.

પ્રશ્ન :

1) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય કયું છે ? **[1]**

2) વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય શું છે ? **[1]**

3) મહાભારતના યક્ષપર્વમાં કઈ કથા આવે છે ? **[1]**

4) વિદ્યાર્થીનું ચોથુ કર્તવ્ય કયુ છે ? **[1]**

5) ગદ્યાંશને યોગ્ય શિર્ષક આપો. **[1]**

નીચેના પઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો.

માટીના કેટકેટલા રંગ જોયા છે! કાળી માટી, રાતી માટી, ભૂખરી માટી. બાપા ખેતરમાં માટીને ઉપરતળે કરતા અને બે ત્રણ મહિનામાં તો એ માટી લીલીછમ બનીને લહેરાઈ ઊઠતી. એજ માટી આંબા ઉપર મ્હેકવા માંડતી.

પગનાં તળિયા બળે તો ભીની માટીએ બળતળા મટાડી છે. ચામડીના રોગો એણે મટાડ્યા છે. માથું દુઃખે ત્યારે એને માથે બાંધી છે. તાવ આવે ત્યારે એને પેટે બાંધી છે. આંખ આવી હોય ત્યારે આંખે બાંધી છે.

**પ્રશ્નો :**

6) લેખકે માટીના કયાં-કયાં રંગો જોયાં છે ? **[1]**

7) માટી ક્યારે લીલીછમ બનીને લહેરાઈ ઊઠતી ? **[1]**

8) પગનાં તળિયાંની બળતરા કોણે મટાડી ? **[1]**

9) માટીને માથે ક્યારે બાંધવામાં આવે છે ? **[1]**

10) તાવ આવે ત્યારે માટી ક્યાં બંધાય છે ? **[1]**

નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો.

11) નીચે આપેલી સંધિનો વિગ્રહ કરો :

1) દેવાલય **[½]**

2) પરમાત્મા **[½]**

12) નીચે આપેલા સમાસનો વિગ્રહ કરો :

1) પાંચપંદર **[½]**

2) મનુજસમૂહ **[½]**

## વિભાગ-બ (B)

નીચે આપેલા પ્રશ્નોના બેથી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.

**4.** છડીદાર નગરજનોને શું જણાવે ? **[2]**

**5.** ફૂલ શા માટે કરમાઈ ગયું હતું ? **[2]**

**6.** ટ્રેન ક્યાં અને ક્યારે ખાલી થાય છે ? **[2]**

**7.** રાજાએ જગડુશા વિશે શું સાંભળ્યું હતું ? **[2]**

**8.** કયો પાઠ ભણાવવા બદલ લેખિકા સેક્રેટરીનો આભાર માને છે ? **[2]**

**9.** અત્યંત ઓછા વરસાદમાં પણ જેસલમેરમાં કયા પાકો લેવાય છે ? **[2]**

**10.** વેલીમાં દાખલ થતી વેળાએ લેખકને શી અનુભૂતિ થાય છે ? **[2]**

**11.** નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો .

1) આકાશ પાતાળ એક કરવાં **[½]**
2) ઊંઘ ઊડી જવી **[½]**
3) જીવ બળી જવો **[½]**
4) વાળ વાંકો ન થવો **[½]**

**12.** નીચે આપેલ શબ્દની સંધિ જોડો.

1) હિમ+આલય **[½]**
2) સ્વ+અર્થ **[½]**
3) ગોળ+આકાર **[½]**
4) સુર+ઇન્દ્ર **[½]**

**13.** નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.

1) દરિયો **[½]**
2) ધરતી **[½]**
3) મહેનત **[½]**
4) સૂર્ય **[½]**

## વિભાગ-સ (C)

નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

**14.** ઢોંગી ગુરૂઓ પર કટાક્ષ કરતાં અખો શું કહે છે ? **[3]**

**(અથવા)**

લોકો શા માટે આભા બની જાય છે ?

**15.** સૂર્યને ઊભા રહેવાની સજા થાય ત્યારે તે શું કરે છે ? **[3]**

**(અથવા)**

'ટ્રેન' કાવ્યના આધારે ટ્રેનની લાક્ષણિક્તાઓ વર્ણવો.

**16.** બાપુજીએ લેખકને શું બોધ આપ્યો, તેનું વર્ણન કરો ? **[3]**

**(અથવા)**

ટેનિસ સ્પર્ધામાંથી બાકાત થઈ જવા છતાં લેખિકાને શા માટે અફસોસ થતો નથી ?

**17.** ભારતીયો કયા કારણથી બેક્ટેરિયાથી ડરવા લાગ્યા છે ? **[3]**

**(અથવા)**

વિદેશી મિત્રોને શા માટે પરસેવો વળી જાય છે ?

## વિભાગ-દ (D)

નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો.

**18.** 'અણસમજ'થી ઊભી થયેલી અનુભૂતિનું વર્ણન કરો. **[3]**

**(અથવા)**

લેખકનો માટીપ્રેમ વર્ણવો.

**19.** તમારી શાળામાં યોજાયેલ 'સ્વચ્છતા'દિન'ની ઉજવણીનો અહેવાલ લખો. **[4]**

**(અથવા)**

તમારી સંસ્થાના દસમાં ધોરણના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનો અહેવાલ લખો.

**20.** નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. **[5]**

1) વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો
2) પરિશ્રમ એજ પારસમણિ
3) મારો પ્રિય તહેવાર
4) યાદગાર પ્રવાસ

DO NOT WRITE ANYTHING HERE